[06] No. of printed pages: 3

**SARDAR PATEL UNIVERSITY**
**TY BA (External) Examination**
**Monday, 10 March 2014**
**10.30 am to 1.30 pm**
**Gujarati Literature Paper IX**
(અપઠિત લેખન - પરિશીલન)

કુલ ગુણ : ૧૦૦

સૂચના : દરેક પ્રશ્નના ગુણ સરખા (૨૦) છે.

પ્ર.૧ નીચેનામાંથી **ગમે તે બે** નો અર્થ વિસ્તાર કરો. (૨૦)

(૧) ઝાઝા નબળા લોકથી કદી ન કરીએ વેર,
કીડી કાળા નાગનો પ્રાણ જ લે આ પેર.

(૨) કલા છે ભોજ્ય મીઠી ને ભોક્તા વિણ કલા નહિ,
કલાવાન કલા સાથે ભોક્તા વિણ મળે નહિ.

(૩) જુલ્ફ કેરા વળ સમી જિંદગીની ગૂંચો બધી,
માત્ર તેને યત્ન કેરી કાંસકી ઓળી શકે.

(૪) બધું છૂપે, છૂપે નહિ નયન ક્યારે પ્રણયનાં.

પ્ર.૨ નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવો. (૨૦)

નિરુદ્દેશે

સંસારે મુજ મુગ્ધ ભ્રમણ
પાંશુ-મલિન વેશે .....
ક્યારેક મને આલિંગે છે
કુસુમ કેરી ગંધ,
ક્યારેક મને સાદ કરે છે
કોકિલ મધુર-કંઠ,
નેણ તો ઘેલાં થાય નિહાળી
નિખિલના સહુ રંગ,
મન મારું લઈ જાય ત્યાં જાવું
પ્રેમને સન્નિવેશે .....
પંથ નહિ કોઈ લીધ, ભરું ડગ
ત્યાં જ રચું મુજ કેડી,
તેજ છાયા તણે લોક, પ્રસન્ન -
- વીણા પર પૂરવી છેડી,
એક આનંદના સાગરને જલ
જાય સરી મુજ બેડી,
હું જ રહું વિલસી સહુ સંગ ને
હું જ રહું અવશેષે .....

- રાજેન્દ્ર શાહ

**અથવા**

પ્ર.૨ નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવો. (૨૦)

એ લોકો પહેલાં કાપડના તાકા ભરી રાખે છે
પછી જયારે ઉઘાડો માણસ ફાટી જાય છે ત્યારે
વાર વાર વેચે છે.
એ લોકો પહેલાં ધાન્યના કોથળા ભરી સીવી રાખે છે
પછી જયારે માણસ સડી જાય ત્યારે
કિલો કિલો વેચે છે.
એ લોકો પહેલાં ઔષધની શીશીઓ
સંઘરી રાખે છે.
અને માણસ જયારે ફૂટી જાય છે ત્યારે
થોડી થોડી રેડે છે.
તે તે લોકો છે જ નહીં
એ તો નોટોને આઇ ઊછરતી ઊધઇ,
બીજું એને ભાવતું નથી.
મારે કવિ થવું જ નથી,
ભારે અસર કરનારી જંતુનાશક દવા થાઉં તો બસ !

- પ્રિયકાન્ત મણિયાર

પ્ર.3 નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. (૨૦)

કવિનું કાર્ય રસિક કૃતિઓ અને મૂર્તિઓ ઉત્પન્ન કરવાનું છે. અમૂર્ત વિચારો અને અનુમાનોના સિદ્ધાંતો કહેવાનું નથી. કવિને જે વિચારો અને અનુમાનો ઈષ્ટ હોય તે અમૂર્ત સૂત્રરૂપમાં ગોઠવવાને બદલે મૂર્તિઓ અને કૃતિઓનાં અંગ અને ગુણરૂપે તે પોતાની રચનામાં દાખલ કરે છે. કવિ સિદ્ધાંતો કહી બતાવતો નથી પણ પાત્રો અને વૃત્તાંતોનાં એવાં આનંદમય ચિત્ર આપે છે કે ચિત્રો ગ્રહણ કરનાર તે ચિત્રમાં રહેલા સિદ્ધાંતો અનાયાસે અને વગર જાણ્યે ગ્રહણ કરી લે છે. કવિ જો સિદ્ધાંતોનું કથન કરવા બેસે તો આનંદમય રચનાઓનો ત્યાગ કરી તેને બીજા પ્રદેશમાં જવું પડે.

- રમણભાઇ નીલકંઠ

**અથવા**

પ્ર.3 નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. (૨૦)

વિદ્યા મેળવવાનો આધાર કેવળ વિદ્યાલય ઉપર જ નથી હોતો. મુખ્યત્વે કરીને વિદ્યાર્થી ઉપર જ હોય છે. ઘણા વિદ્યાર્થીઓ વિદ્યાલય જાય છે. એટલું જ નહિ ઉપાધિ પણ મેળવે છે. તેમ છતાં વિદ્યા પામતા નથી. તે જ પ્રમાણે તીર્થ કરવા તો ઘણા જાય છે, પરંતુ તીર્થનું સાચું ફળ બધા મેળવી શકતા નથી. જેઓ જોવાની વસ્તુને જુએ નહિ, મેળવવાની વસ્તુ લે નહિ, તેમની વિદ્યા આખર સુધી પોથીમાં જ રહે છે અને ધર્મ બાહ્ય આચારમાં પુરાઇ રહે છે. તેઓ તીર્થમાં જાય છે ખરા, પણ જવાને જ તેઓ પુણ્ય માને છે, પામવાને નહિ. તેઓ અમુક જલ અથવા અમુક માટીમાં કોઇ વિશેષ ગુણ રહેલો છે એમ માને છે, એથી માણસનું લક્ષ્ય ભ્રષ્ટ થાય છે, જે ચિત્તની સામગ્રી છે તેને વસ્તુમાં હાંકી કાઢી તેનો નાશ કરે છે. આપણા દેશમાં સાધનામાર્જિત ચિત્તશકિત જેમ જેમ મલિન થતી ગઇ તેમ તેમ આ નિરર્થક બાહ્યિકતા વધતી ગઇ, એ વાત કબૂલ કરવી જ પડશે.

- રવીન્દ્રનાથ ટાગોર

પ્ર.૪ નીચેના ગદ્યખંડનો ૧/૩ ભાગમાં સંક્ષેપ કરો. (૨૦)

આપણને જે જરૂર છે તે બળની છે. તમે તમારી જાતમાં આત્મશ્રધ્ધા પ્રગટાવો. આપણે આત્મશ્રધ્ધા ખોઇ બેઠા છીએ અને તેથી જ ગુપ્તવિદ્યા, રહસ્યવિદ્યા અને એવી છાની છાની બાબતો આપણામાં ઘૂસતી આવે છે. તેમાં કદાચ સત્ય હશે, પણ એ બધી વિદ્યાઓએ આપણને લગભગ નિર્માલ્ય બનાવી દીધા છે. તમારાં જ્ઞાનતંતુઓ મજબૂત બનાવો. આજે આપણને જરૂર છે લોખંડી સ્નાયુઓની અને પોલાદી જ્ઞાનતંતુઓની. ઘણા કાળ સુધી આપણે રોતલ રહયા છીએ. હવે રોવાનું છોડી દઇને તમારા પોતાના પગ પર ખડા થાઓ અને મર્દ બનો. મર્દ બનાવનારા સિદ્ધાંતોની આપણને જરૂર છે. સર્વ રીતે મર્દ બનાવનારા શિક્ષણની આપણને જરૂર છે, અને સાચનું પારખું આ છે : જે કાંઇ તમને શારીરિક રીતે, બૌદ્ધિક રીતે અને આધ્યાત્મિક રીતે દુર્બળ બનાવે તેને ઝેર ગણીને છોડી દો. એવી વસ્તુઓમાં જરાય પ્રાણ નથી; એ સાચું હોઇ શકે નહિ. સત્ય એટલે શકિત, સત્ય એટલે પવિત્રતા, સત્ય એટલે સર્વજ્ઞતા. સત્ય તો માણસને બળદાયક નીવડવું જોઇએ, પ્રકાશ આપનાર હોવું જોઇએ, જોમદાયક હોવું જોઇએ.

- સ્વામી વિવેકાનંદ

**અથવા**

પ્ર.૪ નીચેના ગદ્યખંડનો ૧/૩ ભાગમાં સંક્ષેપ કરો. (૨૦)

સર્જન પાછળ કલાકારનો જો કોઇ હેતુ હોય તો તે એ હોવા સંભવ છે કે એ સામા માણસમાં સમસંવેદન માગે છે. કલાકારની કોઇ એષણા હોય તો તે એટલી જ કે કોઇ મને સમજે. પોતાના મનની વાત એ સંક્રાન્ત કરવા પ્રવૃત્ત થાય છે તો એ આશયથી જ કે પોતાને બીજાઓ સમજવા પ્રયત્ન કરે અને આ માત્ર અંગત આશય નથી. કલાકાર-કવિને કલ્પનાબળે જીવનના અનુભવો સહજમાં થાય છે અને એની પાછળનું સત્ય પણ એને સહજમાં પ્રતીત થાય છે. જીવનની આ સમજણ (અથવા આપણો બીજો સુંદર શબ્દ વાપરું તો ''સૂઝ'') જેવી પોતાને છે તેવી બીજાઓને પ્રગટે એવી એની હૃદયની વાંચ્છના હોય છે. ખરું કહીએ તો, માત્ર કલાકાર જ શા સારું ? માણસ માત્રને આ જાતની - પોતાને કોઇ સમજે એવી - એષણા હોય છે. પણ પોતાને જે સત્ય સૂઝે છે તેને સૌંદર્યમંડિત કરી અન્ય માણસમાં પહોંચાડવાની કવિ પાસે વિશિષ્ટ રીત છે. અને કવિ જે સંક્રાન્ત કરે છે તે સામાન્ય માણસોની માફક પોતાની અંગત વસ્તુઓ નહીં પણ જીવનનો સર્વગ્રાહી અનુભાવસાર હોય છે, એ પણ કવિની બાબતમાં બીજી વિશેષતા છે. ભાવક કવિનું કવચ ગ્રહણ કરી સમસંવેદન પામી શકે ત્યારે એવા આત્માની સંતૃપ્તિ પણ કવિના જેવી જ હોય છે.

- ઉમાશંકર જોશી

પ્ર.૫(અ) **કોઇપણ બે** સંજ્ઞાઓનો સદ્દષ્ટાંત પરિચય આપો. (૦૪)

(૧) ગણ (૩) રૂપમેળ
(૨) યતિભંગ (૪) ચરણ

(બ) કોઇપણ બે છંદોનું બંધારણ ઉદાહરથ સહિત સમજાવો. (૦૮)

(૧) પૃથ્વી (૩) દોહરો
(૨) ગુલબંકી (૪) મન્દાક્રાન્તા

(ક) કોઇપણ બે અલંકારોની વ્યાખ્યા આપી સદ્દષ્ટાંત સમજાવો. (૦૮)

(૧) અતિશયોક્તિ (૩) રૂપક
(૨) ઉત્પ્રેક્ષા (૪) સજીવારોપણ

###